# પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર.
# જાહેર નામું
# મુંબઈ પોલીસ અધિનયમ–૧૯૫૧.

ક્રમાંક : ગ/ઉપક/૯૧૯ /૨૦૧૩.

સરકારશ્રીના તારીખ : ૨/૮/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક : પસથ/૧૦૨૦૧૦/૮૪૮/વ થી સરખેજ પોલીસ સ્ટેશનને અમદાવાદ રુરલમાંથી રદ્દ કરી અમદાવાદ શહેરમાં સમાવેશ કરવા બાબતનો ઠરાવ થતાં સને: ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને : ૧૯૫૧ ના ૨૨ પાના ) કલમ ૧૨ થી અપાયેલ સત્તાની રુએ હું એસ.કે.સાઈકીયા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, જાહેરનામા નંબરઃ ક્રમ-૨/જાહેરનામા/૯૧૧/૧૩ તારીખઃ ૨૯/૦૮/૨૦૧૩ નકકી કરવામાં આવેલ સરખેજ પોલીસ સ્ટેશન ઉપવિભાગની હદમાં ફેરફાર કરી નીચે જણાવ્યા મુજબના પોલીસ સ્ટેશન ઉપવિભાગ અસ્તિત્વમાં આવે તે રીતે હદ વિસ્તાર નકકી કરું છું.

(૧) <u>સરખેજ પોલીસ સ્ટેશન ઉપવિભાગ– અમદાવાદ શહેર</u>.

સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં જે વિસ્તાર અસ્તિત્વમાં છે તે પૈકીના **(૧)સરખેજ ગામ, (૨) મહંમદપુરા (૩) મકરબા ગામ (૪) ગલજીપુરા (૫) આંબલી ગામ નો સમાવેશ સરખેજ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવે છે.**

(૨) **<u>સોલા પોલીસ સ્ટેશન ઉપવિભાગ– અમદાવાદ શહેર</u>.**

સોલા પોલીસ સ્ટેશનના હદ વિસ્તાર ઉપરાંત હાલમાં કાર્યરત સરખેજ પોલીસ સ્ટેશનના હદવિસ્તારના **(૧) ગોતા (૨) ઓગણજ (૩) હેબતપુરા (૪) છારોડી ગામ અને તેના ગામ તળ સહિતનો સમગ્ર વિસ્તાર નો સમાવેશ સોલા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવે છે.**

(૩) **<u>ચાંદખેડા પોલીસ સ્ટેશન ઉપવિભાગ– અમદાવાદ શહેર</u>.**

ચાંદખેડા પોલીસ સ્ટેશનના હદ વિસ્તાર ઉપરાંત હાલમાં કાર્યરત સરખેજ પોલીસ સ્ટેશનના હદવિસ્તારના ગામો પૈકીના **(૧) જગતપુર ગામ, ગામતળ સહિતના વિસ્તાર નો સમાવેશ ચાંદખેડા પો.સ્ટે. માં કરવામાં આવે છે.**

**અમદાવાદ :**
**તારીખ :૨૯ /૮/૨૦૧૩.**

**( એસ.કે.સાઈકીયા )**
**પોલીસ કમિશ્નર,**
**અમદાવાદ શહેર.**

**પ્રતિ,**

- **તમામ સંયુકત પોલીસ કમિશ્નરશ્રીઓ.**
- **તમામ અધિક પોલીસ કમિશ્નરશ્રીઓ.**
- **તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ.**
- **તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ.**
- **મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક શાખા (વધારાની ૧૦ નકલો સાથે)**
  **ર/–** લાઉડસ્પીકર સાથે બહોળો પ્રચાર કરવા સારુ.
- **તમામ પોલીસ સ્ટેશન/શાખાઓના પો.ઈ.શ્રીઓ. (વધારાની ૧૦ નકલો સાથે)**
  **ર/–** જાહેર નામાની નકલો જાહેર જગ્યાએ ચોંટાડી તેની નોંધ એક નકલ પર કરવી. અને તે નકલ ઓફિસ રેકર્ડમાં રાખવી.